# :: બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર ::

બી.એન.પી.ઈ.ટી./દૂધ હરીફાઈ/ તા.૩/૫/૨૦૧૮

## પરિપત્ર

### વિષય : દૂધાળ પશુ દીઠ વધુ દૂધ ઉત્પાદન હરીફાઈ યોજવા બાબત.

સવિનય બૃહદ બનાસકાંઠા જિલ્લાની તમામ દૂધ મંડળીના સભાસદ/દૂધ ઉત્પાદક ભાઈ બહેનોને સહર્ષ જણાવવાનું કે, આપણી ડેરી ધ્વારા ચાલતી વધુ દૂધ ઉત્પાદન હરીફાઈ ઈનામી યોજના થકી દૂધ વ્યવસાયની પ્રવૃતિને સારી રીતે વેગ આપવા અને ખાસ કરીને ખેડૂતો સારી ઓલાદના પશુઓ ઉછેર કરવા પ્રેરાય તે માટે **દર છ માસિક** સમયગાળામાં જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ આવી હરીફાઈ યોજવામાં આવે તો જિલ્લામાં વધુ દૂધ ઉત્પાદન આપતા પશુઓ સબંધે ઝડપથી જાગૃતતા આવે ઉપરાંત આ હરીફાઈ કરવાનો મુખ્ય ઉદેશ દૈનિક મહત્તમ દૂધ ઉત્પાદનના આધારે ઓલાદ સુધારણા માટે પાડા/આખલાની પસંદગી માટે પણ વધારે સંખ્યામાં પશુઓ મળી રહે, સાથે સાથે વધારે સંખ્યામાં ઈનામ ધ્વારા ખેડુતને પ્રોત્સાહીત કરી શકાય.તે હેતુથી બનાસડેરીના ઉપક્રમે **‘‘ જિલ્લા કક્ષાએ ’’ અને ‘‘ તાલુકા કક્ષાએ ’’** દુધાળા પશુ દીઠ વધુ દૂધ ઉત્પાદન ઈનામી યોજના અમલમાં મુકવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ યોજનાનો સમયગાળો એપ્રિલ થી સપ્ટેમ્બર(ઓછા દૂધના મહિના–Lean Season)અને ઓકટોબર થી માર્ચ(વધુ દૂધના મહિના–Flush Season)રહેશે. જેમાં આ વર્ષ પુરતા ખાસ કિસ્સામાં તા.૧–૧–૧૮ થી તા.૩૧–૩–૧૮ સુધીમાં આ સ્પર્ધામાં ભાગ લીધેલ દૂધ ઉત્પાદકો કે જે ઈનામને હકદાર છે તેઓને એપ્રિલ થી સપ્ટેમ્બરના છ માસિક હરીફાઈમાં ખાસ કિસ્સામાં ગણતરીમાં લેવામાં આવશે.

તો દૂધ મંડળીના મંત્રીશ્રીઓએ આ યોજનાના પાછળ જણાવેલ નિયમોનો અભ્યાસ કરી આ યોજનામાં રસ ધરાવતા દૂધ ઉત્પાદક બહેનો જેઓએ આ નિયમોમાં આવી શકે તેવા સભાસદ / દુધ ઉત્પાદક બહેનોના અરજી પત્રક મેળવી મંડળીના પ્રમાણપત્ર સહ ઉપરોકત દર્શાવેલ સમયગાળાને ધ્યાનમાં રાખી સંઘમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ પાછળથી આવેલ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

### જિલ્લા કક્ષાની ઈનામી યોજના

| અ.નં. | વિગત | ભેંસ વિભાગ ઈનામ રૂા. | સંકરગાય વિભાગ ઈનામ રૂા. | દેશીગાય વિભાગ ઈનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ ઈનામ | ૧૫,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૧૫,૦૦૦/– |
| ૨ | બીજું ઈનામ | ૧૦,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૩ | ત્રીજું ઈનામ | ૭,૫૦૦/– | ૭,૫૦૦/– | ૭,૫૦૦/– |

### તાલુકા કક્ષાની ઈનામી યોજના

| અ.નં. | વિગત | ભેંસ વિભાગ ઈનામ રૂા. | સંકરગાય વિભાગ ઈનામ રૂા. | દેશીગાય વિભાગ ઈનામ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ ઈનામ | ૫૦૦૦/– | ૫૦૦૦/– | ૫૦૦૦/– |
| ૨ | બીજું ઈનામ | ૩૦૦૦/– | ૩૦૦૦/– | ૩૦૦૦/– |
| ૩ | ત્રીજું ઈનામ | ૨૦૦૦/– | ૨૦૦૦/– | ૨૦૦૦/– |

### –: યોજનાના નિયમો:–

૧. આ યોજનામાં ફકત મહિલા દૂધ ઉત્પાદકો જ ભાગ લઈ શકશે.

૨. જિલ્લા કે તાલુકા કક્ષાએ ભાગ લેનાર દુધ ઉત્પાદકની ભેંસ દૈનિક ૧૬ લીટર ,શંકરગાય ૩૦ લીટર તેમજ દેશીગાય દૈનિક ૧૫ લીટરથી વધુ દૂધ આપતી હશે તે જ દૂધ ઉત્પાદક આ હરીફાઈમાં ભાગ લઈ શકશે.

૩. ધારાધોરણ મુજબ ભેંસના દૂધનો ફેટ ૫.૧ થી વધુ અને ગાયના દૂધનો ફેટ ૩.૦ થી વધુ હોવો જોઈએ.

૪. યોજનામાં ભાગ લેનાર બહેન સહકારી દૂધ મંડળીનાં સભાસદ/દૂધ ઉત્પાદક હોવા જોઈએ અને દૂધ મંડળીમાં તે દૂધ ભરાવતા હોવા જોઈએ.

૫. યોજનામાં ભાગ લેનાર ખાનગીમાપમાં દૂધ ભરાવતા હોવા જોઈએ નહીં.

૬. આ યોજનામાં જિલ્લા કક્ષાએ કુલ ત્રણ ગૃપ(ભેંસ, દેશીગાય અને સંકરગાય) રહેશે. જેમાં દરેક વિભાગમાં ત્રણ પ્રતિ સ્પર્ધીને ક્રમાનુસાર ઈનામ આપવામાં આવશે.

૭. આ યોજનામાં તાલુકા કક્ષાએ દરેક તાલુકામાં કુલ ત્રણ ગૃપ(ભેંસ,દેશીગાય અને સંકરગાય)રહેશે.જેમાં દરેક વિભાગના પ્રતિર્સ્પધીને ત્રણ ઈનામો આપવામાં આવશે.

૮. યોજનામાં નકકી થયેલ છ માસિક દરમ્યાન જે પ્રતિ સ્પર્ધીઓએ વધુ દૂધ ઉત્પાદન યોજનામાં ભાગ લીધેલ હશે તેમાં દરેક ગૃપમાં સૌથી વધુ દૂધ આપતા કુલ ત્રણ પશુ માલિકોને ઉતરતા ક્રમાનુસાર જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતા જાહેર કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ વિજેતા થનાર પશુ માલિક તાલુકા કક્ષાની ર્સ્પધામાં ઈનામ મેળવવાને હકદાર રહેશે નહીં

૯. યોજનામાં હરીફ પશુનું પ્રથમ ટંકે સંપૂર્ણ દોવાણ(સ્ટેપીંગ) થયા બાદ પછીના બે ટંકોનું દોહન ગણતરીમાં લેવામાં આવશે.

૧૦. યોજનામાં હરીફ પશુનું સવાર/સાંજ દૂધ દોહન ૧૨ કલાકના અંતરેજ કરવાનું રહેશે.અનિયમિત દૂધ દોહન ગ્રાહય રખાશે નહીં.

૧૧. યોજનામાં હરીફ પશુના દુધનું માપ લીટરની ગણત્રીથી જ લેવામાં આવશે.

૧૨. યોજનામાં એકજ વ્યકિત દરેક ગૃપમાં ભાગ લઈ શકશે .

૧૩. એક વ્યકિત એક ગૃપમાં એક પશુ માટે એકજ વખત ઈનામ લેવા હકદાર રહેશે. પરંતુ જો કોઈ પશુમાલિક પાસે ઉચ્ચ ગુણવત્તાવાળાં વધુ દૂધ આપતાં એકથી વધુ પશુ હશે તો તે અલગ અલગ પશુ માટે એકથી વધુ ઈનામ પ્રાપ્ત કરી શકશે.

૧૪. યોજનામાં સંઘે નિયત કરેલ પ્રમાણપત્રમાં મંડળીની ભલામણ હશે તે જ મહિલા ભાગ લઈ શકશે.

૧૫. યોજના દરમ્યાન નીચેની કમિટી રહેશે અને તેઓની હાજરીમાં ભાગ લેનાર પશુનું ત્રણ ટંક દોહન કરવાનું રહેશે. અને કમિટીએ રોજકામ ફોર્મ વિગતે ભરી સંઘમાં રજુ કરવાનું રહેશે.

૧ . વિ. અધિકારીશ્રી / રૂટ સુપરવાઈઝર ૨ . વેટરનરી ડોકટર ૩. મંડળીના ચેરમેનશ્રી / મંત્રી

૧૬. ઈનામી યોજનામાં ભાગ લીધેલ પશુ જો વિજેતા ઘોષિત થશે તો તે જ પશુને ફરીથી હરીફાઈમાં ઉતારી શકાશે નહીં.

૧૭. જે પશુ માલીકે આ યોજનાની હરીફાઈમાં ભાગ લીધેલ હશે અને આ યોજનાનું પરિણામ જાહેર ના થાય ત્યાં સુધી તે સમય દરમ્યાન પશુ માલિકે પોતાના પશુનું અન્યને વેચાણ કરી દીધેલ હશે અને તેજ પશુથી વેચાણ લેનાર વ્યકિત હરીફાઈમાં ઉમેદવારી કરશે અને સંઘના ધ્યાન ઉપર આવશે તો વેચાણ આપનાર વ્યકિતને આ યોજનામાંથી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય રદ કરવામાં આવશે.

૧૮. મંડળી ખોટી અરજી મોકલશે તો વહીવટી ચાર્જ મંડળી પાસેથી વસુલ લેવામાં આવશે અને આ યોજનામાંથી મંડળીને રદ કરવામાં આવશે.

૧૯. આ યોજનાનું અમલીકરણ,અર્થઘટન અને તેનો નિર્ણય સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી લેશે જે આખરી ગણાશે. તેમાં અપીલ કરી શકાશે નહીં.

૨૦. હરીફાઈમાં ભાગ લીધેલ પશુનું ત્રીજા ટંકનું દોહન પુરુ થયા બાદ પશુ ઓળખ માટે કાન ઉપર કડી(ટેગ) લગાવવી ફરજીયાત રહેશે.

૨૧. વિજેતાઓને ઈનામમાં રોકડ રકમના બદલે ભેંસ વિભાગમાં તેટલીજ રકમનું ભેંસ દાણ અને પશુ સંજીવની તેમજ દેશીગાય વિભાગમાં બનાસદાણ ટાઈપ–૨ અને બનાસ સુપરમીન તથા એચ.એફ.ગાય વિભાગમાં બનાસ સુપરફેટ હાઈપ્રોદાણ આપવામાં આવશે.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

# –: અરજી પત્રકઃ–
# : : દૂધ ઉત્પાદન હરીફાઈ યોજના : :

આથી હું કું /શ્રીમતી ............................................................................................
રહે..............................તા..........................જિ.બનાસકાંઠાની વતની છું. ધી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. બનાસડેરી , પાલનપુર આયોજીત જિલ્લા કક્ષાની / તાલુકા કક્ષા ની દુધ ઉત્પાદન હરીફાઈ ઈનામી યોજનાના નિતિ નિયમો મને કબુલ મંજુર છે. અને તે મુજબ સંઘે નકકી કરેલ યોજનામાં ભાગ લેવા ઈચ્છું છું.

| પશુની વિગત | છેલ્લા વિયાણની તારીખ | દૈનિક દૂધ (લીટર) |
|---|---|---|
| ભેંસ | | |
| શંકરગાય | | |
| દેશી ગાય(કાંકરેજ) | | |

પશુનું જન્મેલ બચ્ચુંઃ–
(પાડો / પાડી / વાછરડો / વાછરડી )..............................

દૂધ ઉત્પાદક/સભાસદની સહી

(જે પશુને હરીફાઈમાં ઉતારવા ઈચ્છતા હોય ત્યાં ( ✔ )નિશાન માર્ક કરવું)

## : : પ્રમાણપત્ર : :

આથી ..................................દૂધ ઉત્પાદક સહકારી મંડળી તા................
લખી આપે છે કે, કું / શ્રીમતી .......................................................................
એ અમારી દૂધ મંડળીના સભાસદ/દૂધ ગ્રાહક છે. અને તેઓએ દૂધ ઉત્પાદન હરીફાઈની યોજનાને લગતા નિયમો વાંચ્યા છે. જે તેઓને કબુલ મંજુર છે. તેમજ તેઓ દૂધ ઉત્પાદન હરીફાઈના નિયમો મુજબ ભાગ લેવા પાત્ર છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ચેરમેનશ્રી / મંત્રીશ્રી

મંડળીનો સિકકો .....................................દૂ.ઉ.સ.મં.લી.

કોડ નંબર ......................